શિક્ષણ-સંસ્કારના સિંચનથી દિકરીને આત્મવિશ્વાસુ બનાવવી પડે : અંજુ શર્મા

૨૬ વર્ષથી સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલી રોટરી ક્લબ ઓફ ગાંધીનગરના શક્તિ-૨૦૧૩ કાર્યક્રમનો પ્રારંભ : એક હજારથી વધુ મહિલાઓએ ભાગ લીધો : નારી શક્તિકરણના સતત બીજા વર્ષે યોજાયેલા કાર્યક્રમને અભુતપૂર્વ પ્રતિસાદ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર સહિત આસપાસના વિસ્તારોમાં છેલ્લા ૨૬ વર્ષથી સતત સેવાકીય પ્રવૃત્તિ ઉપરાંત જનજાગૃતિના અભિયાન ચલાવતી રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા સતત બીજા વર્ષે મહિલા સશક્તિકરણ અંતર્ગત 'શક્તિ-૨૦૧૩' કાર્યક્રમનું આયોજન કર્યું છે. સૂર્ય ઉગતાથી માંડીને ચંદ્ર ઊગે ત્યાં સુધી એટલે કે વહેલી પરોઢથી રાત સુધી સતત હાર્ડવર્ક લાઈફ જીવતી મહિલાઓને બે દિવસ પોતાના માટે મળે તે હેતુથી આયોજન થયેલા 'શક્તિ-૨૦૧૩' કાર્યક્રમમાં એક હજારથી વધુ મહિલાઓએ હાજરી આપીને કાર્યક્રમને ખરા અર્થમાં સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં સમાજરૂપી સ્ટેજમાં પુત્રી, પત્નિ, માતા, સાસુ સહિતના જુદા જુદા રૂપમાં પ્રત્યક્ષ અભિનયના અજવાળા પાથરતી શક્તિ એટલે કે મહિલાના સશક્તિકરણની વિશેષ વાતો કરવામાં આવી હતી.

વૈજ્ઞાનીક, નેતા, બીઝનેસ, બેંકીંગ, સ્પેશ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ તથા તબીબી ક્ષેત્ર સહીત એકપણ એવું ક્ષેત્ર નથી કે જ્યાં મહિલાઓ પહોંચી ન હોય. દરેક ક્ષેત્રમાં મહિલાઓએ ઉદાહરણરૂપ ભૂમિકા અદા કરેલાના દાખલા નજર સમક્ષ છે. નારી અબળાની વાતો કરતી વ્યક્તિ પણ હવે સહજ રીતે હાસ્યાસ્પદ લાગે તેવી સ્થિતિ મહિલાઓએ પ્રગટ કરી છે. જે સાબીત કરે છે કે નારી અબળા છે જ નહીં...! રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા આયોજીત શક્તી-

● અનુસંધાન પાન-૭ પર

મલ્ટી મિડીયાના ઉપયોગથી મહિલા સશક્ત થઈ શકે છે : દિપક તરૈયા

ગાંધીનગર, તા.૯

રોટરી ક્લબ આયોજિત સ્ત્રી સશકિતકરણ પ્રોગ્રામ અન્વયે 'શકિત' સમારંભમાં દિપક તરૈયાએ પણ પોતાના પ્રવચનનો લાભ સ્ત્રીઓને આપ્યો હતો. આ પ્રવચનમાં મુખ્યત્વે મલ્ટી મિડીયાના ઉપયોગ દ્વારા સ્ત્રીઓ સશકત થઈ શકે છે અને તે માટે યોગ્ય માર્ગદર્શન તેમણે પુરું પાડયું હતું. વધુમાં સમાજમાં સ્ત્રીની વિવિધ ભૂમિકા ઉપર રસપ્રદ અને યોગ્ય દૃષ્ટાંત આપી સમજણ પૂરી પાડી હતી. સૃષ્ટિના જીવનચક્રમાં નારીના રોલમાં દાદીનો રોલ એ સમાજમાં ખુબ જ ઉપયોગી ભૂમિકા અદા કરી શકે છે. સમાજમાં થતા જુદા જુદા વહેવારોમાં કુટુંબને સમજણ પૂરી પાડવાનું કામ આ રોલમાં સ્ત્રી કરતી આવી છે તેવી સમજ આપી સ્ત્રીઓને માહિતી સભર કર્યા હતા. દિપકભાઈએ છેલ્લે જણાવ્યું હતું કે, બીજી બધી રમતોમાં હાર અને જીત હોય છે પરંતુ લગ્નની રમતમાં જો હાર થાય તો પણ બંનેની અને જીત થાય તો પણ બંનેની અને આ સમજીને જ ચલાય તો જીવન ખુબ જ સુંદર રીતે પાર પડતું હોય છે. આજના આધુનિક યુગમાં સ્ત્રી મલ્ટી મિડીયાના ઉપયોગ દ્વારા દરેકે દરેક સોપાન સર કરી શકે છે. સ્ત્રી આજે એક પણ જગ્યાએ ઓશિયાળી રહી નથી અને સંપૂર્ણ સમજ સાથે આગળ વધી રહી છે. માણસનું ચિત્ર જો સમાજમાં ગોઠવવામાં આવે તો દુનિયા આપોઆપ ગોઠવાઈ જાય છે અને દુનિયામાં પુરુષનું મહત્વ કરતા સ્ત્રીનું મહત્વ વધારે છે તેમ તેમણે સમજાવ્યું હતું. સ્ત્રીને માતૃત્વ ધારણ કરવાની શકિત આપી છે. જે વિશ્વમાં અજોડ શકિતના દર્શન કરવાની શકિત માનવામાં આવે છે.

કેપીટલ સ્ટેશનના રૂટની અડચણો નિવારવા તંત્રના અધિકારીઓએ સ્થળ નિરિક્ષણ કર્યું

સ્ટેશનનું બોર્ડ લગાવવા તેમજ સાઈટ પર સફાઈ કરવા સૂચના : કંપનીને ચોકીદાર રાખવા પણ જણાવ્યું

ગાંધીનગર, તા. ૯

કેપીટલ સ્ટેશનને સ્પર્શતા પ્રશ્નોને અનુલક્ષી પાટનગર યોજના વિભાગના કાર્યપાલક ઈજનેર સહિત અધિકારીઓની ટીમે સ્ટેશન નજીક સાઈટની સ્થળ મુલાકાત લીધી હતી. આ દરમિયાન મહાત્મા મંદિરના નિર્માણને અનુલક્ષી સાઈટ પરથી હટાવી લેવાયેલા રેલવેના બોર્ડ લગાવી દેવા પણ સૂચના આપવામાં આવી હતી.

મહાત્મા મંદિરનું કામ શરૂ થયા બાદ પાછળના વિસ્તારમાં સ્થિત કેપીટલ સ્ટેશન તરફ જવાનો રસ્તો પણ જાણે ખોવાઈ ગયો હોય તેવી સ્થિતિ છે. સાઈટ પર અસ્તિત્વમાં આવેલી મજૂર કોલોનીના લીધે ગંદકી ઉપરાંત લારી-ગલ્લાના દબાણો સહીતના પ્રશ્નો ઉદ્‌ભવ્યા છે. આવા સંજોગોમાં કેપીટલ સ્ટેશન પર અવરજવર કરતા રેલ મુસાફરોને ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. મજૂર કોલોનીને અનુલક્ષી પતરાની વોલ લગાવી દેવાઈ હોવાથી સ્ટેશન તરફ જવાનો રસ્તો પણ સાંકડો થઈ ગયો છે. જ્યારે સ્થળ પર દીશાનિર્દેશ કરતુ સ્ટેશનનું બોર્ડ પણ દૂર હટાવી દેવાયું હતું. જ્યારે સ્ટેશની હદના વિસ્તારમાં ખુલ્લામાં શૌચક્રીયાએ જતા મજૂરોના લીધે મુસાફરોને ગુંગળામણ અનુભવવી પડે છે. આ મામલે શહેર વસાહત મહામંડળે પણ સંબંધિત કક્ષાએ રજૂઆત કરી યોગ્ય પગલા હાથ ધરવા જણાવ્યું હતું. બીજીતરફ સ્ટેશન વિસ્તાર આસપાસની સ્થિતિનો તાગ મેળવવા તંત્રના અધિકારીઓએ ગઈકાલે સ્થળ મુલાકાત લીધી હતી. પાટનગર યોજના ભવનના કાર્યપાલક ઈજનેર સહિત અન્ય બે અધિકારીઓની ટીમે સ્થળ નિરિક્ષણ કરી રેલવે સ્ટેશનનું બોર્ડ લગાવી દેવા સૂચના આપી છે. આ ઉપરાંત જરૂરી સફાઈ કામગીરી હાથ ધરવા પણ જણાવાયું છે તેમજ મજૂર કોલોનીને અનુલક્ષી કંપનીને ચોકીદાર રાખવા પણ સૂચના આપી છે.

સે-૫ પાણીની ટાંકીમાં લાઈનનું જોડાણ આપવાનું કામ હાથ ધરાશે

નવા સેકટરોમાં મંગળવારે પાણીનો સપ્લાય બે કલાક મોડો અપાશે

ગાંધીનગર, તા.૯

શહેરના નવ વિકસિત વિસ્તારમાં ફોર્સથી પાણી પુરું પાડવા માટે રૂ. ૧૬.૨૯ કરોડના ખર્ચે પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાનું કામ પૂર્ણ કરી દેવાયું છે. શહેરના સે-૧ થી ૧૩માં નવી વિતરણ વ્યવસ્થાના આધારે પાણીનો સપ્લાય આપવા સે-૫-ડી ખાતે નવીન પાણીની ટાંકીને લાઈનું જોડાણ આપવા સોમવારે કામગીરી હાથ ધરવામાં આવશે. આ દરમિયાન નવા સેકટરોમાં મંગળવારે તા. ૧૨ ફેબ્રુઆરીના રોજ સવારે ૬ કલાકે અપાતા પાણીના સપ્લાયના બદલે બે થી ત્રણ કલાક મોડું પાણી અપાશે.

આગામી ઉનાળા પૂર્વે નવી વ્યવસ્થા મુજબ પાણી વિતરણ કરવાનું શરુ કરી દેવાશે

શહેરના નવા સેકટરોમાં વધતી વસતી અને વિકાસને ધ્યાને લઈ પાણીની જરૂરિયાત સંતોષવા તંત્ર દ્વારા પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા

૧૬.૨૯ કરોડના ખર્ચે પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાનું કામ પૂર્ણ કરાયું

રૂ. ૧૬.૨૯ કરોડના ખર્ચે કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન સે-૫-ડી ખાતે પાણીની નવીન ટાંકી ઉપરાંત સેકટરોમાં ફોર્સથી સપ્લાય આપવા નવીન પાઈપલાઈનનું કામ પૂર્ણ કરી દેવાયું છે. સે-૧ થી ૧૩માં પાણીનો પ્રશ્ન હલ કરવા આગામી ઉનાળા પૂર્વે નવી વ્યવસ્થા મુજબ પાણી વિતરણ કરવાનું શરુ કરી દેવાશે. જયારે આ મામલે આગામી દિવસોમાં તંત્ર દ્વારા ટ્રાયલ પણ લેવાશે. જો કે હાલના તબક્કે સે-૧૩ માં નવી વિતરણ વ્યવસ્થા મુજબ પાણી વિતરણ કરવાનું શરુ કરી દેવાશે. જયારે આ મામલે આગામી દિવસોમાં તંત્ર દ્વારા ટ્રાયલ પણ લેવાશે. જો કે હાલના તબક્કે સે-૫ ડી ખાતે નવીન પાણીની ટાંકીમાંથી આવતી નવી પાણી પુરવઠાની લાઈનનું જોડાણ હયાત પાઈપ લાઈન સાથે કરવા તંત્ર દ્વારા સોમવારે કામગીરી હાથ ધરવામાં આવનાર છે. તા. ૧૧ ફેબ્રુઆરીના રોજ સવારના સપ્લાય સમય બાદ હાથ ધરાનારી આ કામગીરીના પગલે તા. ૧૨ ફેબ્રુઆરીના રોજ મંગળવારે સવારે ૬ કલાકે અપાતા પાણીના સપ્લાય સમયમાં ફેરફાર થાય તેવી સંભાવના છે. નિયત સપ્લાય સમય કરતા બે થી ત્રણ કલાક પાણી મોડું આપવામાં આવે તેવી શકયતા છે. પાઈપલાઈનના જોડાણની કામગીરી પૂર્ણ થયા બાદ નિયત સમય મુજબ પાણી પુરવઠો આપવામાં આવશે. જેની વસાહતીઓને નોંધ લેવા જણાવાયું છે.

આજે ૭૪ નગરપાલિકાઓની ચૂંટણી

ગાંધીનગર, તા.૯

સઘન સુરક્ષા વચ્ચે આજે રાજયની ૭૪ નગરપાલિકાઓની ચૂંટણીઓ યોજાશે. ૧૭ લાખથી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને ૫૪૭૭ ઉમેદવારોના ભાવી ઈ.વી.એમ.માં સીલ કરશે.

રાજય ચૂંટણી પંચ દ્વારા ૭૪ નગરપાલિકાઓની સામાન્ય અને સાત નગરપાલિકાઓની પેટા ચૂંટણીઓ જાહેર કરવામાં આવી હતી. આ નગરપાલિકાઓની ચૂંટણીઓ આવતીકાલે યોજાનાર છે. નગરપાલિકાની આવતીકાલે યોજાનાર ચૂંટણી માટે અવિલોપ્ય સહી, ઈ.વી.એમ. મશીન સહીતની ચૂંટણી સામગ્રીઓ કર્મચારીઓ સાથે આજે મતદાન મથકો પર રવાના કરી દેવામાં આવી છે.

૭૪ નગરપાલિકાઓની ૧૮૫૨ બેઠકો માટે ૫૪૭૭ ઉમેદવારો ચૂંટણી જંગના મેદાનમાં છે. મતદાન માટે અંદાજે ૨૨૧૦ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. આવતીકાલ ૧૦મીના રોજ યોજાનારી ૭૪ નગરપાલિકાઓની ચૂંટણીમાં અંદાજે ૧૭.૨૯ લાખ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને ઉમેદવારોના ભાવિ ઈ.વી.એમ.માં સીલ કરશે.

નગરપાલિકાઓની ચૂંટણીઓ શાંતિપૂર્ણ રીતે અને ન્યાયિક વાતાવરણમાં સંપન્ન થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે સાવચેતીના પગલારૂપે ૭૪ નગરપાલિકા વિસ્તારોમાં સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. મતદાન મથકો પર સશસ્ત્ર જવાનોને ફરજ ઉપર તૈનાત કરવામાં આવ્યા છે.

ચૂંટણી કામગીરી માટે અંદાજે ૧૩૨૬૦ જેટલા પોલીંગ સ્ટાફને પણ ફરજ ઉપર તૈનાત કરવામાં આવ્યા છે. આવતીકાલે યોજાનારી ૭૪ નગરપાલિકાઓની ચૂંટણીની મતગણતરી ૧૨મીના રોજ હાથ ધરવામાં આવનાર છે.

નગરપાલિકાઓનો ચૂંટણી જંગ કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાનો જંગ

ગાંધીનગર, તા. ૯

ગુજરાત કોંગ્રેસ માટે આવતીકાલે યોજાનારી ૭૪ નગરપાલિકાઓની ચૂંટણી જંગ પ્રતિષ્ઠાનો જંગ બન્યો હોઈ આ ચૂંટણી જંગ જીતવા કોંગ્રેસે એડીચોટીનું જોર લગાવ્યું છે.

તાજેતરમાં યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસને કારમો પરાજય મળવા પામ્યો હતો. વિધાનસભાની ચૂંટણીમાં મળેલા પરાજય બાદ પહેલી જ રાજયની સ્થાનિક સ્વરાજયની ૭૪ નગરપાલિકાઓની ચૂંટણીઓ ૧૦મી ફેબ્રુઆરીને આવતીકાલે યોજાનારી છે. ત્યારે આ ચૂંટણી જંગ કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાનો જંગ બન્યો છે.

નગરપાલિકાઓની ચૂંટણીજંગ જીતવા માટે ગુજરાત કોંગ્રેસના નેતાઓએ એડીચોટીનું જોર લગાવ્યું છે અને ૭૪ નગરપાલિકા વિસ્તારોમાં ગ્રુપ બેઠકો સંમેલનો કરીને મતદારોને રીઝવવા માટેના પ્રયાસો કર્યા છે. આવતીકાલે યોજાનારી નગરપાલિકાઓની ચૂંટણીમાં કોંગ્રેસને વિજય મળશે કે કેમ તે ૧૨મીએ જાહેર થનાર પરિણામ બાદ જ ખ્યાલ આવશે.

આતંકવાદ સામે લડાઈમાં કોંગ્રેસે પ્રતિબદ્ધતા દર્શાવી

અમદાવાદ, તા.૯

૧૩મી ડિસેમ્બર ૨૦૦૧ના દિવસે ભારતની સંસદ પર કરાયેલા હુમલામાં દોષી એવા અફઝલ ગુરુને અપાયેલી ફાંસીને આવકારતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતુ કે આતંકી અફઝલને અપાયેલી ફાંસીએ હુમલામાં શહીદ થયેલા લોકોને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે. આતંકવાદ વિરુદ્ધની લડતમાં યુપીએ સરકારે દર્શાવેલ મક્કમ ઈચ્છાશક્તિ અને નિર્ણયથી આતંકવાદ સામેની લડાઈ વધુ મજબુત બની છે. ભારત દેશમાં કાયદો સર્વોચ્ચ છે. સંસદમાં હુમલાની ઘટના એનડીએના શાસનમાં બની હતી. તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ આતંકવાદ સામેની લડાઈમાં પ્રતિબદ્ધ છે.

ગાંધીનગરમાં પીડીપીયુ નેટ દ્વારા મેરેથોન દોડ

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અગ્ર સચિવ ડી. જે. પાંડિયને લીલીઝંડી ફરકાવી પાંચ કિલોમીટરની વૉકેથોન અને ૧૦ કિલોમીટરની મેરેથોન દોડનો પ્રારંભ કરાવ્યો હતો

ગાંધીનગર ખાતે ઘ-૦ સર્કલ પાસેથી આજે સવારે જાં અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અગ્રસચિવ શ્રી ડી. જે. પાંડીયને પાંચ કિ.મી.ના વોકેથોન અને ૧૦ કિ. મી.ની મેરેથોન દોડનો લીલી ઝંડી આપી પ્રારંભ કરાવ્યો હતો.

યંગ ઈન્ડીયન્સ, અમદાવાદ ચેપ્ટર પી. ડી. પી. યુ. નેટ અને ઈન્ડીયન યુથ કલાઈમેટ નેટવર્ક, ગાંધીનગર (ત્જ્ઞ્ઝ)ના ઉપક્રમે હરિયાળી પ્રકૃતિ પ્રત્યે જાગૃતતા વધારવા, પર્યાવરણ પ્રત્યે વધુ સંવેદનશીલ બનવા અને પ્રત્યેક ઉંમરની વ્યકિતઓના સ્વસ્થ તન-સ્વસ્થ મનના ઉદ્દેશ સાથે આ દોડનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર ઈન્ફોસિટી એરિયાને ફરતી યોજાયેલી આ દોડમાં વિવિધ વિજેતાઓને રૂ. ૫૦,૦૦૦ની રકમના ઈનામોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

શ્રી ડી. જે. પાંડીયને સામાન્ય જનમાનસમાં પ્રકૃતિ પર્યાવરણના પ્રેં જાગૃતતા વધે તથા પર્યાવરણ સુરક્ષા કાર્યમાં લોકો સહભાગી બને તે માટે ના પર્યાવરણીય કાર્યક્રમોની રૂપરેખા આપીને આ પ્રકારના આયોજનોને પ્રશંશનીય ગણાવ્યા હતા તથા પ્રકૃતિના સાંનિધ્યમાં વન્ય પ્રાણીઓ-પક્ષીઓ અને વનસ્પતિઓને જરૂરી રક્ષણ આપવાની વૃત્તિ માનવીના મનમાં પ્રગટે તેની અનિવાર્યતા જણાવી હતી.

આ પ્રસંગે પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ શ્રી પારિતોષ કે. બનીક, (ત્જ્ઞ્ઝ)ના શ્રી વૈભવ કોહલી તથા સ્ટુડન્ટ કલબના પ્રમુખશ્રી તારીક સીંધી સહિત વિદ્યાર્થીઓ, યુવકો અને પ્રૌઢ લોકો પણ દોડમાં જોડાયા હતા અને પર્યાવરણની સુરક્ષાનો સંદેશો આપી, વૈશ્વિક પર્યાવરણનું સાચા અર્થમાં રક્ષણ કરવા સંકલ્પ લીધો હતો.

બારોટ (બ્રહ્મભટ્ટ) બેસણું
સદ્‌ગતનું બેસણું તા.૧૧-૨-૨૦૧૩ને સોમવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે
સ્વર્ગત સોમાભાઈ બારોટ (પૂર્વ મંત્રી, ગુજરાત રાજ્ય)
જયંતિ સોમાભાઈ બારોટ
અજુબ સોમાભાઈ બારોટ (પંચોલિ ઈન્સ્પેક્ટર, ગુજરાત રાજ્ય)

બેસણું
અમારા માતુશ્રી હંસાબેન જશુજી ગોહિલનું તા. ૬/૨/૨૦૧૩ના રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૧/૨/૧૩ને સોમવારના રોજ સવારે ૯-૩૦ થી સાંજે ૪-૦૦ કલાક દરમિયાન રાખેલ છે.
સ્થળ : દરબાર વાસ રામજી મંદિરની બાજુમાં ઈન્દ્રોડા ગામ
લિ. હિતેન્દ્રસિંહ જશુજી ગોહિલ, કેશાજી પ્રતાપજી ગોહિલ (દાદા), દિલીપસિંહ કેશાજી ગોહિલ (બાપા)

જોઈએ છે
અડાલજ નજીક ફેક્ટરી માટે
● લોડર ડ્રાઈવર (ટ્રેક્ટર) - ૪
● ફોર્કલીફ્ટ ડ્રાઈવર - ૬
● કેઈન ઓપરેટર - ૪
● હેલ્પર (૧૦પાસ) - ૧૫
ઓ. : ૯૫૪૦૦૩૨૩૨
ઓ. : ૮૩૪૭૫૫૫૪૨૫

જોઈએ
૨૪ કલાક માટે વોચમેન, ૪૦ વર્ષથી ઉપરના પતિ-પત્ની સાથે રહી પરચુરણ ઘરકામ, રસોઈ વગેરે કરી શકે તેવા વ્યક્તિની જરૂર છે.
રહેવા માટે ફ્રી ક્વાર્ટર મળશે.
તાકિદે સંપર્ક કરો.
કોલેજ માટે પાર્ટ ટાઈમ સફાઈ કામદાર (સ્વીપર બહેનો) : જગ્યા - ૨
સવારે ૭ થી ૧ ફોન : ૨૩૨૨૬૧૩૫
સાંજે ૪ થી ૬ ફોન : ૨૩૨૩૮૦૭૯

અલ્ટ્રાટેક સિમેન્ટ
ઓર્ડિનરીની પસંદગી
FAIR MATE
VIRAT TMT BARS
UTKARSH
સાચ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :
શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
સેક્ટર-૬, બીજો માળ, અમના ડ્રાઈવ, સેક્ટર-૬, ગાંધીનગર
(0) : 23225929 M. 98251 36929, 99250 39672, 99250 33729

ZARIN CATERING
FOR PROFESSIONAL & EXCELLENT OUTDOOR CATERING
REGISTERED OFFICE : B-203, Aman Flat, opp. BJP Office, J.P. Chowk, Khanpur, Ahmedabad
CORRESPONDENCE OFFICE : Neminath Electronics, Plot No. E-192, Electronics Estate, B/h. Videocon Factory, Sector-26, Gandhinagar

SANGHI CEMENT
KISAN
BENELAVE
H.FIXIT
TMT BARS - ISI
TATA STEEL • PIPES • SHEETS
SANGHI STEEL - ISI
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિશાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com